ક્રમાંક:મઉમશબ/૨૦૨૦/ ૩૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.તા.૦૫/૦૩/૨૦૨૦

<u>ખુબજ અગત્યનું</u>
<u>ધો-૧૦ અને ધો-૧૨ની પરીક્ષા</u>
<u>બાબત</u>

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- અધિકૃત હોલટીકીટ સિવાય વિદ્યાર્થીને પરીક્ષાના બિલ્ડીંગમાં પરીક્ષા હોલમાં પ્રવેશ ન આપવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, તા.૧૫/૦૨/૨૦૨૦ થી શરૂ કરીને તા.૨૦/૦૨/૨૦૨૦ સુધીમાં ધો-૧૦ અને ધો-૧૨ની પરીક્ષાની હોલટીકીટ બોર્ડ દ્વારા ઓનલાઇન ઇસ્યુ કરવામાં આવેલ છે.

હોલટીકીટ ડાઉનલોડ કરવા સંદર્ભમાં તથા વિદ્યાર્થીઓની હોલટીકીટ અંગે શાળાના આચાર્યશ્રીઓને તેમજ વિદ્યાર્થીઓને જે સૂચનાઓનું પાલન કરવાનું છે તેની વિગતવાર સૂચનાઓ આપવામાં આવી છે. તા.૧૪/૦૨/૨૦૨૦ ના રોજ બાયસેગના માધ્યમથી તમામ શાળાઓને હોલટીકીટને સબંધિત વિગતવાર તમામ માહિતી આપવામાં આવી છે. જેથી તે સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે આવશ્યક છે. હોલટીકીટમાં પરીક્ષાર્થીની સહી, વર્ગ શિક્ષકની સહી તેમજ પરીક્ષાર્થીનો ફોટો અને તે ઉપર સંબંધિત આચાર્યશ્રીએ સહી કરીને શાળાનો સિક્કો લગાવીને સર્ટીફાઇ કરીને જ હોલટીકીટ આપવાની છે અને તેને જ અધિકૃત હોલટીકીટ ગણવાની છે.

ગઇકાલે જુનાગઢ પોલીસ (SOG) દ્વારા બનાવટી હોલટીકીટ બનાવનાર એક વ્યકિતની ધરપકડ કરેલ છે અને ૪૭ શખ્સો સામે ગુનો નોંધાયેલ છે. આથી બનાવટી હોલટીકીટનો ઉપયોગ કરી ડમી વિદ્યાર્થીઓને પરીક્ષામાં પ્રવેશ ન અપાય અને અધિકૃત હોલટીકીટના આધારે જ યોગ્યતા ધરવતા પરીક્ષાર્થીને જ પરીક્ષા બિલ્ડીંગમાં પ્રવેશ મળે તે માટે પૂરતી ચોકસાઇ કરવા પરીક્ષા કેન્દ્રના તમામ સ્થળ સંચાલકોને સૂચના આપવા અને સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તેની ખાતરી કરવા વિનંતી કરવામાં

ક્રમાંક:/મા.વિ.૬/હોલ ટીકીટ પરીક્ષા/૨૦૨૦/૪૬૨૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૦૫/૦૩/૨૦૨૦

<u>નકલ રવાના જાણ તથા અમલસારૂં.</u>

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ મા.અને ઉ.મા. શાળાઓ,
જિ.બનાસકાંઠા

Scanned with CamScanner